# બેતાલીસ ઠાકોર સમાજ સમુહ લગ્નમાં ૧૦૧ નવદંપતિઓએ પ્રભુતાના પગલાં માંડ્યા

મહેસાણા, તા. ૧૧

બેચરાજી તાલુકાના કોડીવાડા ગામમાં બેતાલીસ ઠાકોર સેવા સમાજ દ્વારા સમુહ લગ્નોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ લગ્નોત્સવમાં ૧૦૧ નવદંપતિઓએ પ્રભુતાના પગલાં માંડ્યા હતા. કાર્યક્રમમાં આશિર્વાદ આપવા આવેલ રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે ઠાકોર સમાજ સમુહ લગ્ન કરી અન્ય સમાજ માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બન્યો છે. સમાજે સમુહ લગ્ન સાથે યુવાનો શિક્ષણ અને રોજગારીનું સર્જન થાય તે દિશામાં પણ પ્રયત્ન કરવા જોઈએ.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર વિકસતી જાતિના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે. સાત ફેરા સમુહ લગ્ન યોજના અને કુંવરબાઈનું મામેરૂ યોજના અન્વયે દરેક દિકરીને ૨૦,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. સમાજના અગ્રણીઓ દ્વારા આ યોજનાઓ



લાભ લેવા માટે અરજી કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત માનવ ગરિમા યોજના અન્વયે સિલાઈ મશીન દરેક દિકરીને મળે છે તેની પણ વિશેષ માહિતી આપી હતી. મંત્રીશ્રીએ ઠાકોર સેવા સમાજનો ૧૧ હજાર રૂપિયા સમાજના ઉત્કર્ષ માટે આપ્યા હતા.

ઠાકોર સમાજના સમુહ લગ્ન કાર્યક્રમમાં સમાજના પ્રમુખ ભગાજી ઠાકોર, સમાજના અગ્રણીઓ, દાતાઓ, નવદંપતિઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણા આર.ટી.ઓ.નો કર્મચારી રૂ. ૩૫૦ લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

મહેસાણા, તા. ૧૧

આજે ગાંધીનગર લાંચ રૂશ્વત વિરોધી ખાતાના અધિકારીએ સ્ટાફ સાથે લાંચ અંગે સફળ છટકુ ગોઠવી મહેસાણા ખાતેની આર.ટી.ઓ. કચેરીના એ.આર.ટી.ઓ. મહેતાને રૂપિયા ૩૫૦ની લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપી લેતા કચેરીમાં સન્નાટો મચી ગયો હતો.

જાણવા મળ્યા મુજબ ફરિયાદી સોમાભાઈ વી. પ્રજાપતિ રહે. મહેસાણાને મોટર સાયકલની એચ.પી. કેન્સલ કરાવવાની હોઈ કામ અર્થે મહેસાણા આર.ટી.ઓ. કચેરીમાં ગયા હતા. તેમની પાસે લાંચની માગણી કરવામાં આવતા તેમણે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોનો સંપર્ક સાધ્યો હતો. જેથી ગાંધીનગર લાંચ રૂશ્વત વિરોધી શાખાના પો.ઈ. આર.એન. પટેલે સ્ટાફ સાથે લાંચ અંગે છટકુ ગોઠવ્યુ હતુ. જેમાં મહેસાણા આર.ટી.ઓ. કચેરીના એ.આર.ટી.ઓ. લલિતકુમાર ચીમનભાઈ મહેતા ચેમ્બરમાં જ મોટર સાયકલની એચ.પી. રદ કરવાના ઓર્ડર ઈસ્યુ કરવા માટે રૂપિયા ૩૫૦ ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. મહેસાણાના એ.આર.ટી.ઓ. મહેતા લાંચના છટકામાં ઝડપાતા આર.ટી.ઓ. કચેરીના સ્ટાફમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહેસાણા આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા ઘણા વખતથી ભ્રષ્ટાચારનું પ્રમાણ વધી જતાં કચેરીમાં કામકાજ અર્થે જતા નાગરિકો ભારે ત્રાસ પોકારી ઉઠ્યા હતા.



મોડાસા - શામળાજી રોડ પર આવેલી ઉત્તર ગુજરાત વીજ કંપની સામે સાંજના પાંચ વાગ્યાના સુમારે છકડા-રીક્ષાના ચાલકે અચાનક પોતાની રીક્ષા ગફલતભરી રીતે હંકારી વળાંક લેતા આગળ જઈ રહેલ બાઈક ચાલકને અડફેટે લેતાં બાઈક પર પાછળ બેઠેલ બાળકના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે મોડાસા શહેરમાં ટ્રાફીક જામ થઈ ગયો હતો. (તસવીર : જય અમીન, મોડાસા)

# ક્વૉલિટી માર્ક ટ્રસ્ટ દ્વારા ગુજરાતના ઉદ્યોગો માટે ક્વૉલિટી માર્ક એવોર્ડ

અમદાવાદ, તા.૧૧

આજ રોજ વાયએમસીએ ક્લબ, અમદાવાદ ખાતે ક્વૉલિટી



માર્ક એવૉર્ડ્સના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શ્રી દિલીપ સાંઘાણી, શ્રી રાકેશ શાહ તથા નેશનલ બોર્ડ ફોર ક્વૉલિટી પ્રમોશન ક્યુસીઆઈ ના સીઈઓ શ્રી ચંપકકુમાર બિશ્વાસ, સીઈડીના ડોક્ટર ચંદન ચેટરજી, સીઆઈઆઈના શ્રી સૌકેત રાય ચૌધરી, એનએસઆઈના શ્રી પી કે ઝા, ઉદ્યોગ જગતની ટોચની હસ્તીઓ અનાર પ્રોજેક્ટ્સ લિ. ના અનાર પટેલ, વસોયા ઈન્ટરનેશનલ લિ. ના ડિરેક્ટર શ્રી મનોજ વસોયા તેમજ બોલિવુડ સ્ટાર સુનિલ શેટ્ટી અને શાઝાહ્ન પદ્મસી તથા વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા લોકોની હાજરીમાં ૬૦ જેટલા ઉદ્યોગપતિઓને ક્વૉલિટી માર્ક એવૉર્ડ્સ આપવામાં આવ્યા. ઉલ્લેખનીય છે કે આ એવોર્ડમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય હસ્તીઓ પણ હાજર રહી હતી.

ક્વૉલિટી માર્ક ટ્રસ્ટના પ્રેસિડન્ટ શ્રી હેતલ ઠરે જણાવ્યું, "નાના તેમજ મધ્યમ કદના એકમો દેશના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે, તેઓ ઔદ્યોગિક ઉત્પદાનમાં, નિકાસમાં, રોજગારી ઉભી કરવામાં અને દેશનો આર્થિક વિકાસ વધારવામાં પણ મદદ કરે છે. પોતાની પાસે અગાધ જ્ઞાન, તકનિકી કુશળતા, નવીન વિચારો અને દેશના વિકાસમાં નદદ કરતા હોવા છતા આ પ્રકારના ઉદ્યોગ સાહસિકો તરફ પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી અને ઉદ્યોગ જગતમાં તેઓ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું નથી."

ક્વૉલિટી માર્ક ટ્રસ્ટ યોગ્ય ગુણવત્તા સાથે વેપારને કેવીરીતે ચલાવવો અને તેને કેવીરીતે સંભાળવો જોઈએ તે સાથે સીધી રીતે સંકળાયેલું છે.



સાયન્સ સિટીમાં નેશનલ ટેકનોલોજી ડેની ઉજવણી કરાઈ હતી. સાયન્સ સીટી ખાતે વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન ક્ષેત્રે સંકળાયેલાઓએ મુલાકાત લઈ વિજ્ઞાનની નવી ટેકનોલોજીની જાણકારી મેળવી હતી.

# રાજસ્થાનના મુસાફરને રેલવેમાં ઉંઘનુ ઝોકુ રૂ. ૧ લાખમાં પડ્યુ

પાલનપુર, તા. ૧૧

ચેન્નઈ-જોધપુર ટ્રેનમાં રાજસ્થાનના જાલોરના લચ્છારામ મુખાજી ઘાંચી મુસાફરી કરી રહ્યા હતા. ટ્રેન પાલનપુરમાં પહોંચતા લચ્છારામને ઉંઘનું ઝોકુ આવ્યુ હતુ અને તે સુઈ ગયા હતા. આ દરમિયાન કેટલા અજાણ્યા મુસાફરોએ ઊંઘ વ્યસ્ત મુસાફરની તકનો લાભ લઈ ખિસ્સામાં રહેલ રૂ. ૧ લાખ રોકડ રકમને સેરવી નાશી છુટ્યા હતા.

# ખેડબ્રહ્મામાં ગેરકાયદેસર ધમધમી રહેલ ખાણીપીણી બજાર વિરૂદ્ધ ઓનલાઈન સ્વાગતમાં ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા શહેરમાં દિન પ્રતિદિન રોજ નવા નવા ખાણીપીણીવાળા બજારમાં ઉતરી પડે છે. અને ચોખ્ખાઈ રાખવામાં ન આવતી હોવાના કારણે શહેરીજનો પર રોગચાળાનો ભય તોળાઈ રહ્યો છે.

આ બાબતને લઈ ખેડબ્રહ્મા શહેરના રહીશ દેવાંગ અરવિંદભાઈ પટેલે વારંવાર નગરપાલીકા, મામલતદાર અને આરોગ્ય અધિકારીને અનેક રજુઆતો કરી આ લાયસન્સ વગર ધમધમી રહેલા ખાણીપીણી બજાર વિરૂદ્ધ કાર્યવાહી માટે અરજ કરેલ પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી. દેવાંગ પટેલે કરેલ ઓનલાઈન સ્વાગત કાર્યક્રમની અરજીમાં નગરપાલીકા વિસ્તારમાં ચાલતા આહારગૃહ, નાસ્તા હાઉસ, લોજ, તેમજ નોનવેજ લોજો પરવાના વગર ચાલી રહી છે.

નોનવેજ લોજવાળા લોકો જાહેરમાં ચાર રસ્તા જેવા વિસ્તારમાં જીવહત્યા કરતા અને ગંદકી ફેલાવી રહ્યા છે જેને લઈ સ્થાનીક જીવદયા પ્રેમીઓની લાગણી દુભાઈ રહી છે. આ હોટલો સરકારી કાયદાઓને એસીતેસી કરી ધમધોકાર હોટલો ચલાવવામાં આવી રહી છે અને આવી હોટલો અને નાસ્તા હાઉસમાં સ્વચ્છતાના નામે કોઈ જ પગલા લેવામાં આવતા નથી.

આ અંગે દેવાંગ પટેલે ખેડબ્રહ્મા હેલ્થ અધિકારી એચ.એસ. ગઢવીને વારંવાર રજુઆતો કરી હતી પણ તેમના પેટનુ પાણી હાલતુ નથી અને શહેરીજનો ભગવાન ભરોસે જીવી રહ્યાં છે. આ ઉનાળાની સીઝનમાં અને જગ્યાએ રોગચાળો ફાટી નીકળેલ છે તો શુ ખેડબ્રહ્મા તંત્ર કોઈની રાહ જોઈ રહ્યુ છે. આ અગાઉ નગરપાલીકાના પુર્વ કારોબારી ચેરમેને પણ તા. ૧૩-૪-૨૦૧૫ના રોજ આહારગૃહો, લોજો, ખાણી પીણીવાળાઓ વિરૂદ્ધ તપાસ કરવા રજુઆત કરેલ છે જેનો પણ અધિકારીઓ ગોળીને પી ગયાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

## એકની ધરપકડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બહાને રૂપિયા ખંખેરી ઠગાઈ કરતાં શખ્સ કનુ ઘના વણકર ઉર્ફે કે.ડી. સુરેલીયાની ધરપકડ કરી લીધી હતી. સે. ૭ પોલીસે ઝીણવટભરી તપાસ કરતાં તેના સાગરીત ગોવિંદ સવધાન ઠાકોરનું નામ ખુલ્યુ હતુ. જેને આધારે ગોવિંદ ઠાકોરની પણ ધરપકડ કરી બંનેનું ક્રોસ ઈન્ટ્રોગેશન કર્યુ હતુ. જેમાં બહાર આવ્યુ હતુ કે જે કેસમાં ટ્રેપ ગોઠવી તે સિવાય પણ બે ઉમેદવારો પાસે સેટીંગ કરાવવા રૂપિયા ઉઘરાવવામાં આવેલા છે. નરોડાના કનુભાઈ વેરાભાઈ પટેલ પાસે રૂ. ૫૦ હજાર અને ચંદ્રાલાના પ્રહલાદભાઈ પટેલ પાસે રૂ. ૧.૭૫ લાખ ખંખેર્યા હોવાનું ખુલ્યુ છે. જે પૈકી પીએસઆઈ વી.યુ. ગડરીયાએ રૂ. ૬૫ હજાર રોકડ રીકવર કરી વધુ તપાસ ચાલુ કરી છે.

# પાલનપુરમાં કલેક્ટર પ્રિમિયમ લીગ નાઈટ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનો શાનદાર પ્રારંભ

પાલનપુર, તા.૧૧

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પાલનપુર મુકામે પોલીસ



હેડક્વાર્ટર ખાતે તા.૧૦ મે થી કલેક્ટર પ્રિમિયમ લીગ નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો શાનદાર પ્રારંભ થયો છે. રાજયસભાના સાંસદશ્રી દિલીપભાઈ પંડ્યાએ ક્રિકેટ ટુર્નામેન્ટનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કલેક્ટરશ્રી દિલીપ રાણા, અગ્રણીશ્રી હિતેષભાઈ ચૌધરી, વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રના ચેરમેનશ્રી ગૌરાંગ પાધ્યા, સેક્રેટરશ્રી ગોવિંદ ચૌધરી, સાધ્વીશ્રી નિર્મળપુરીજી, શ્રી મીતાબેન સોની ઉપસ્થિત રહ્યા હતા.

તા.૧૦ના રોજ પ્રથમ દિવસે મહેસૂલ વિભાગ અને પંચાયત વિભાગની ટીમો વચ્ચે પ્રથમ મેચ રમાઈ હતી. જેમાં મહેસૂલ વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. મહેસૂલ વિભાગની ટીમના કેપ્ટન કલેક્ટરશ્રી દિલીપ રાણાએ અણનમ ૬૬ રન ફટકારી નોટઆઉટ રહ્યા હતા. તેમની ટીમે પંચાયત વિભાગની ટીમને ૧૩૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો. તેની સામે પંચાયત વિભાગની ટીમ ૧૧૩ રનમાં ઓલઆઉટ થઈ હતી. આમ મહેસૂલ વિભાગની ટીમ ૨૦ રને વિજેતા બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કલેકટરશ્રી દિલીપ રાણાએ સૌથી વુધ ૬૬ રન બનાવી બે વિકેટ પણ લીધી હતી. તેથી તેમને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પ્રાંત અધિકારીશ્રી જે.બી. દેસાઈ અને શ્રી આર. આઈ. શેખ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.એન.પરમાર અને શ્રી નિનામા, આંકડા અધિકારીશ્રી ડી.એ.ચૌહાણ, નાયબ પશુપાલન નિયામકશ્રી એસ.બી.ઉપાધ્યાય સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ, મામલતદારશ્રીઓ, અગ્રણીઓ અને સારી સંખ્યામાં પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે શ્રી બ્રહ્માણી માતાના વાહન હંસની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

## અગિયારસો વર્ષ પુરાણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા તથા નવકુંડી મહાયજ્ઞ બે દિવસનો કાર્યક્રમ યોજાયો





પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ અગિયારસો વર્ષ પુરાણ શ્રી બ્રહ્માણી માતાજી મંદિર ખાતે બે દિવસનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો કાર્યક્રમ યોજાઈ ગયો.

પ્રાંતિજ નાની ભાગોળ પટેલ ફડીમાં આવેલ જગતજનની માં શ્રી બ્રહ્માણી માતાજીના મંદિરમાં માતાજીના વાહન હંસની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા નવકુંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૧૦-૫-૨૦૧૫ને રવિવારના રોજ પહેલા દિવસે યજ્ઞ, પંચાંગ કર્મ, મંડપ પ્રવેશ, વાસ્તુઆદી દેવોની સ્થાપના, હોમ કર્મ, સાયં પૂજન આરતી, તથા પ્રાંતિજ નગરમાં માતાજીના વાહન હંસની મૂર્તિની વાજતે ગાજતે નગરયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ તથા આજુબાજુમાંથી પટેલ સમાજના તથા ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

જ્યારે બીજા દિવસે પ્રાંતઃપૂજન, જલ, ધૃત, અન્ના ધિવાસ, મહસ્નપન, વૈદિકવિધિની પરંપરા અને વિધ્નોના વેદમંત્રો દ્વારા અલૌકિક શક્તિ દિવ્ય અને ભવ્ય આસ્થા અને શ્રદ્ધાના સહયોગથી શ્રી બ્રહ્માણી માતાના વાહન હંસને બિરાજમાન કરવામાં આવ્યો હતો. હંસની પ્રતિષ્ઠા, ઉત્તર તંત્ર પ્રારંભ આરતી તથા બે દિવસ કાર્યક્રમ બાદ સાંજના સમયે મહાપ્રસાદ તરીકે પ્રાંતિજ તથા આજુબાજુના ધર્મપ્રેમી લોકોએ ભોજન લીધુ હતું અને ધન્યતા અનુભવી હતી અને રાત્રીના સમયે રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જયારે સમગ્ર બે દિવસ કાર્યક્રમનું આયોજન શ્રી બ્રહ્માણી માતાજી યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મનુભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ, વિજયભાઈ પટેલ, મિતેષભાઈ પટેલ વગેરે યુવક મંડળ દ્વારા ભારે જહેમત ઉઠાવી બે દિવસના કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

## શબ્દાવલી - ૫૭૨૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | ■ | | |
| ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| | ■ | ૧૨ | | ■ | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | | ■ |
| ૧૬ | | | | ■ | ૧૭ | ૧૮ | |
| ૧૯ | | ■ | | ■ | ૨૦ | | ૨૧ |
| ૨૨ | | | | | ■ | ૨૩ | |

### આડી ચાવી

૧. સમય દર્શાવતું યંત્ર (૪)
૪. એક કડવા સ્વાદનું શાક(૩)
૭. ૧૨ની સંખ્યાનું માપ (૩)
૮. એક નાનું ચોપગું પ્રાણી(૪)
૯. પળ, ક્ષણવાર (૨)
૧૦. પક્ષીનું મોં (૨)
૧૧. કઇ જગ્યાએ, પ્રશ્નાર્થ(૨)
૧૨. બીચારી (૩)
૧૩. એના જેવા (૨)
૧૬. આશા વિનાનું, હેલ્પલેસ જેવું (૪)
૧૭. ચીડ, ગુસ્સો, અનુકંપા(૨)
૧૯. ટકલી, ટાલ (૨)
૨૦. આશ્ચર્ય, અચરજ (૩)
૨૨. લપસણીનું એક નામ આડુંઅવળું થઇ ગયું છે (૫)
૨૩. ખૂશ, પ્રસન્ન (૨)

### ઊભી ચાવી

૧. વૃદ્ધાવસ્થા, જરાવસ્થા (૪)
૨. પેટ્રોલ અને... થી ગાડી ચાલે(૩)
૩. વાહન (૩)
૪. ...ળ, આડ ખીલી, નડતર(૨)
૫. 'એક કોરે' ને ગોઠવો (૪)
૬. ધંગધડા વગરનું, અવ્યવસ્થિત (૫)
૮. મગ ચોખાનો શીરો, બિમાર માણસ ખાય તે (૩)
૧૦. ચાપલૂસી, ચબાવલાપણું(૬)
૧૪. છીંકણી (૪)
૧૫. આપવું તે (૩)
૧૬. ચા-પાણી નાસ્તો વગેરે માટેની દુકાન (૩)
૧૮. ગૌરીવ્રતમાં... વાવવામાં આવે (૩)
૨૧. સહેલું, સરળ (૨)

### શબ્દાવલી ૫૭૨૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) પોલીસ (૫) વાદ (૭) ચમકદમક (૯) કુડો (૧૦) ફળો (૧૧) પાન (૧૨) વન (૧૩) મન (૧૪) ઘાયલ (૧૫) ઘર (૧૬) વરતારો (૧૮) મેખલા (૨૦) લપટવું (૨૧) વઘાર

**ઊભી ચાવી :-** (૧) પોચકુ (૨) લીમડો (૩) સક (૪) કામળો (૬) દશાનન (૮) દફન (૧૧) પામર (૧૨) વલવલાટ (૧૪) ઘાલમેલ (૧૫) ધરોઅવ (૧૭) લગાર (૧૯) ખપ

# મહેસાણા જિલ્લામાં બીજા તબક્કાનો પ્રથમ લોક દરબાર બેચરાજી ખાતે યોજાયો

મહેસાણા, તા. ૧૧

રાજ્યમાં શરૂ થયેલા બીજા તબક્કાના લોક સંવાદ સેતુ કાર્યક્રમનો



પ્રારંભ મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતે થયો હતો. બેચરાજી તાલુકાના લોકલંવાદ સેતુમાં ૨૧ વિવિધ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું. લોક દરબારમાં જમીન સંપાદન, પાણી પુરવઠા, રસ્તા, વીજળી, નર્મદા કેનાલ સહિત પ્રાથમિક અને માળખાકીય પ્રશ્નોની અરજદારો દ્વારા રજુઆત કરવામાં આવી હતી.

લોકસંવાદ સેતુના કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે લોકોના પ્રશ્નોનું સ્થળ પર હકારાત્મક નિરાકરણ થાય તે હેતુથી સરકારશ્રી દ્વારા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં કાર્યક્રમનો અભુતપૂર્વ સફળતા મળેલ છે. લોકસંવાદ સેતુ રાજ્યના નાગરિકોનો લોકપ્રિય કાર્યક્રમ બન્યો છે.

ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યુ હતુ કે તાલુકાના લોકોને જિલ્લા કે રાજ્ય સ્તરે જવું ન પડે તે માટે સરકારશ્રીનો ઉમદા અભિગમ એટલે લોક સંવાદ સેતુ. લોકો અને અધિકારીઓની હાજરીમાં નાગરિકોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરવાનો રાજ્ય સરકારનો અભિગમ છે. રાજ્યના નાગરિકોને કોઈ પણ જાતની મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે સરકારશ્રીએ આ પ્રકારના નાગરીકલક્ષી પ્રયાસો શરૂ કર્યા છે.

લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં આવેલા પ્રશ્નોના નિરાકરણ માટે મંત્રીશ્રીઓએ અધિકારીઓને ખાસ તાકીદ કરી ઝડપથી પુર્ણ કરવા સુચન કર્યું હતું. આ ઉપરાંત અધિકારીઓ પણ પારદર્શક અને પ્રજાના હિતમાં સ્થળ પર પ્રશ્નોનું નિરાકરણ કરવા પણ જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંધાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર તાલુકો ધબકતો રહે તે માટે એ.ટી.વી.ટી. પ્રાન્ત અધિકારી આપેલ છે. રાજ્યમાં ૪૯ પ્રાન્તની સંખ્યા વીને ૧૨૪ થઈ છે. રાજ્યના નાગરિકોનો સરળતાથી પ્રશ્નોનું સમાધાન થાય તે માટે વહીવટીતંત્ર હકારાત્મક રીતે પ્રયાસ કરી રહ્યું છે.

## ગીરમાં વસતા પરિવારોને લાભ પહોંચાડવા સર્વે

અમદાવાદ, તા.૧૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગીરના જંગલ વિસ્તાર અને દુરદરાજ અંતરીયાળમાં વસતા પરિવારોને વિવિધ યોજનાકીય લાભ-સહાય પહોંચાડવા તેમની સામાજિક-આર્થિક સ્થિતિનો સર્વગ્રાહી સર્વે કરવાની નેમ દર્શાવી છે. આ સર્વે આવનાર બે માસમાં પૂર્ણ કરી જિલ્લા વહિવટીતંત્ર સહિત રાજય સરકારના બધાજ વિભાગોજિલ્લા કક્ષાએ અમલી હોય તેવી યોજનાઓ આ જરૂરમંદ લાભાર્થીઓને પહોંચાડે તેવુંપ્રેરક સુચન પણ તેમણે કર્યું હતું. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સાવજ સાથે પરિવાર ભાવેસહ અસ્તિત્વના સહજભાવેજીવન પસાર કરતાં માલધારી-વનવાસી પરિવારોની માતૃશક્તિની હિંમતને બિરદાવ હતી તેમણે આ બહેનોને પ્રેરણાદાયી માર્ગદર્શન આપતા વિવિધ કલ્યાણ યોજનાના લાભ-સહાય મેળવવામાં બહેનો પણ સ્વયં જાગૃત્તિ દાખવે તેવું સૂચન કર્યુંહતું.

## કોર્ટ કેસ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધીમાં આ પ્રકારના તમામ આવાસોનો કબજો પાછો લઈ લેવાશે.હાલની સ્થિતિએ તંત્ર દ્વારા ૧૦૦૦ જેટલા મકાનો ખાલી કરી દેવાયા છે. નિયત સમયમાં બાકીના મકાનો પણ ખાલી કરાવી દેવાશે. જયારે સમય મર્યાદામાં મકાનો ખાલી નહી કરનાર સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે. તેમ પણ જાણવા મળ્યુ છે.શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોમાં પેટાભાડુઆતો રહેતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. આવા સંજોગોમાં પેટા ભાડુઆતોના મામલે પણ આવાસોનો યોગ્ય સર્વે હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સરકારી આવાસોની ફાળવણી તેમજ ભાડા વસુલાતીના મામલે લાંબા સમયથી કામગીરી કામપ્યુટરાઇઝ કરવાની વાતો થાય છે. પરંતુ હજુ સુધી કોઇ નક્કર આયોજન થઇ શકયું નથી.

**જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૫-૧૬**

**અભ્યાસ પ્રવાસ માટે વાહન પુરુ પાડવા બાબત**

માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર હસ્તકની મુખ્ય ઈજનેર અને નિયામકશ્રીની કચેરી, સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ, ચ-૫ ફુવારા (પ્રેરણા સર્કલ) પાસે, સેકટર-૧૭, ગાંધીનગરની કચેરીમાં અભ્યાસ પ્રવાસ અને કચેરી કામ માટે આ ભાવો (૧) મીની બસ ૨ ટ ૨ ૨૯ સીટી (૨) લકઝરી બસ ૨ x ૨ ૪૦ થી ૪૫ સીટ (૩) લકઝરી બસ ૩ x ૨ ૫૦ થી ૫૫ સીટ ૨૦૦૮ પછીનું મોડલ (૪) ઈનોવા (૫) તવેરા (૬) કાર એ.સી. નોન એ.સી.ના ૧ થી ૬ આઈટમના અલગ-અલગ ભાવો તમામ ટેક્ષ સાથેના આપવાના રહેશે. વાહનો ભાડે મેળવવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત ટ્રાવેલ એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ઈચ્છા ધરાવતી ટ્રાવેલ એજન્સીઓએ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર દર્શાવેલ વિગતવાર નિવિદા તથા શરતો ધ્યાને લેવા વિનંતી છે. ભાવપત્રક અંત્રેની કચેરીમાં તા. ૨૬/૫/૨૦૧૫ના રોજ બપોરે ૪.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે.

કાર્યપાલક ઈજનેર (સી)
સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર

માહિતી/૩૧૨/૨૦૧૫-૧૬